





અશોકનગર યુવક મંડળ, ઓલપાડ



સોલંકી યશ, કોસંબા



કેયુર ટેલર, સફાલીયા યુવક મંડળ, સાયાણ



ધ્રુવ અને ધૈર્ય, માંડવી



શ્રી દાદુ ગણેશ મંડળ બારડોલી

## લસકાણા ગામે મોટરસાઈકલ લઈ પુલ ઉપરથી પસાર થઈ રહેલો યુવાન પાણીમાં તણાયો

બારડોલીઃ સુરત જિલ્લાના કામરેજ તાલુકાનાં ખોલવડ ગામે ઓપેરા હાઉસમાં રહેતો 25 વર્ષનો પિયુષભાઈ વઘાસિયા (ઉ.વ.આ-25) નાઓ મંગળવારના રોજ સવારે પોતાનું મોટરસાયકલ લઈ ખોલવડથી સુરત જવા માટે નીકળ્યા હતા. ત્યારે ખોલવડ લસકાણા વચ્ચે ખાડીના પુલ ઉપરથી પસાર થતી વેળાએ પુલ ઉપરથી પસાર થઈ રહેલ પાણીના વહેણમાં યુવાન મોટરસાયકલ સાથે ખેંચાવા લાગ્યો હતો. ભારે શોધખોળ છતાં તેની ભાળ મળી ન હતી જેથી કામરેજ તેમજ સુરતની ફાયર બ્રિગેડની ટીમને જાણ કરતાં તેઓ ઘટના સ્થળે આવી યુવાનની શોધખોળ હાથ ધરી છે.







નઝીર પાંડોર, રમેશ વસાવા

■ ઉમરપાડા તાલુકાના ચન્દ્રપાડાથી ગોકુલિયા ગામને જોડતો લો લેવલ બ્રિજ અને વેલાવી ગામે નદી પરનો નવો બ્રિજ પાણીમાં ધોવાઈ ગયો હતો.

## વાંકલના નિચાણવાળા વિસ્તારોમાં પૂરઃ 15 પરિવારોનું સ્થળાંતર

**મોડી રાત્રે નિંદર** માણી રહ્યા હતા ત્યારે ભૂખી નદીનું પાણી લોકોના ઘરોમાં ઘૂસી ગયું



વિનોદ મૈસુરીયા

વાંકલઃ વાંકલના નિચાણવાળા બજેટ ફળિયામાં મોડી રાત્રે ભૂખી નદીના પૂરના પાણી ફરી વળતાં પંદર પરિવારોએ સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. પરિવારના ઘરોનો સામાના પાણીમાં તણાઈ ગયો હતો. મોડી રાખે ભૂખી નદીના પાણી ઘરોમા ઘૂસી જતા નિંદર માણી રહેલા પરિવારો બચાવો બચાવોની બૂમો પાડવા લાગ્યા હતા. જેમાં ચુનીલાલ ભંગારવાળાનું ઘર પાણીમાં ડુબી ગયું હતું. વાંકલ ગ્રામ પંચાયતના સરપંચ ભરતભાઈ વસાવા, ત. ક. મંત્રી વગેરે ઘટના સ્થળે પહોંચી નુકશાનનો સર્વે કર્યો હતો. વાંકલની ભૂખી નદી પરનો જોખમી ડુબાઉ પૂલ ઉંચો કરવા માંગ ઊઠી છે. આ પુલ ડૂબી જતાં માંડવી માંગરોળ તાલુકાના પૂલની બંને તરફના ગામોનો વાહનવ્યવહાર બંધ થઈ ગયો હતો. સામાન્ય વરસાદ પડે ત્યારે પણ પુલ પાણીથી ડુબી જતો હોવાથી લોકોને મુશ્કેલી પડી રહી છે.



## ઓલણ નદી પરનો માછીસાદડાનો લો-લેવલ કોઝવે પાણીમાં ગરકાવ

અનાવલઃ મહુવા તાલુકામા મેહુલિયો મન મુકીને વરસતા અને ઉપરવાસમાં સાંબેલાધાર વરસાદના પરિણામે સતત બીજા દિવસે પણ તાલુકાના ગામોને જોડતા કેટલાય લો લેવલ કોઝવે પાણીમાં જ ગરકાવ રહેતા લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તસ્વીરમાં ઓલણ નદી પરના માછીસાદડાના લો-લેવલ કોઝવે પરિસ્થિતિની ગંભીરતા સૂચવી જાય છે. હાલ તો લોકોમાં એક જ યક્ષપ્રશ્ન છે કે આ સમસ્યાનું નિરાકરણ ક્યારે આવશે?

## બારાસડી ગામનો યુવાન તળાવમાં ડૂબી ગયો

પલસાણાઃ પલસાણા તાલુકાનાં બારાસડી ગામે લીમડી ફળિયામાં રહેતા લાલુભાઈ નગીનભાઈ રાઠોડ (25) બકરા ચરાવવા માટે ગયા હતા તે દરમ્યાન તળાવની પાળ ઉપરથી પગ લપસી જતાં બારાસડી ગામના તળાવમાં આ યુવાન ડૂબી ગયો હતો ઘટનાની જાણ થતાં બારડોલી ફાયર બ્રિગેડને આ અંગે જાણ કરવામાં આવી હતી જેથી બારડોલી ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચી યુવાનની શોધખોળ શરૂ કરી છે.

## ઉમરપાડા તાલુકાના અનેક બ્રિજ પાણીમાં ધોવાયા

**મોસાલીઃ સોમવારે** રાત્રે માંગરોળ અને ઉમરપાડામાં વ્યાપક વરસાદ પડતાં ઉમરપાડા તાલુકામાં એક બ્રિજ અને એક લો લેવલ બ્રિજ થતા માર્ગોને લાખો રૂપિયાનું નુકશાન થયું છે. ઉમરપાડા તાલુકનાં ચન્દ્રપાડાથી ગોકુલીયા ગામને જોડતો લો લેવલ બ્રિજની બંને સાઈડો અને બ્રિજનું અપ અને ડાઉન સાઈડનું વ્યાપક ધોવાણ થયું છે, જ્યારે ઉમરપાડા તાલુકાનાં વેલાવી ગામેથી પસાર થતી નદી ઉપર જે બ્રિજ ચાલુ વર્ષે બનાવવવામાં લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો,આ પુલ વ્યાપક વરસાદને પગલે આવેલ વરસાદી પાણીના પુરને પગલે સંપુર્ણ ધોવાઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બ્રિજ ઉમરપાડા અને ડેડીયાપાડા તાલુકાની પ્રજા માટે જીવાદોરી સમાન માનવામાં આવે છે, હાલમાં આ પુલ ઉપરથી સંપૂર્ણ વાહન વ્યવ્હાર બંધ કરી દેવામાં આવ્યો છે,જેને પગલે આ બંન્ને તાલુકાનાં ૪૦ ગામોની પ્રજા માટે એક મોટી મુશ્કેલી ઉભી થવા પામી છે.

## બારડોલીના સરભોણમાં ઘૂંટણસમા પાણી



### રેલવે ગરનાળું પાણીમાં ગરકાવ

બારડોલી તાલુકામાં પણ રાત્રિ દરમ્યાન ભારી વરસાદને કારણે ઠેરઠેર પાણી ભરાય ગયા હતા. તાલુકામાં રાત્રિ દરમ્યાન એક ઈંચ જેટલો વરસાદ થયો હતો. ગત રોજ થયેલા ચાર ઈંચથી વધુ વરસાદને કારણે બારડોલી તાલુકાનાં બાબેન ગામના શક્તિ નગર વિસ્તારમાં પણ ઘૂંટણ સમા પાણી ભરાય જતાં સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત બારડોલી અને બાબેનને જોડતું રેલ્વે ગરનાળું પણ પાણીમાં ગરક થઈ જ જતાં વાહન વ્યવહારને અસર થઈ હતી.

## કરજણ ડેમમાંથી 1.30 લાખ ક્યુસેક પાણી છોડાતાં કાંઠા વિસ્તારનાં ખેતરોમાં પાણી ભરાયાં

**સિસોદરા, કાંદરોજ**, રાજપરા, નાવરા, વરાછા, હજરપુરા, ધાનપોર, ધમણાચા, ભુછાડ, લાછરસ, થરી, કરાઠાનાં ખેતરોમાં 6 ફૂટ પાણી : કેળાના પાકને નુકસાન

**રાજપીપળા સરકારી** ઓવારા પાસે આવેલું સિકોતર માતાનું મંદિર પણ અડધું પાણીમાં ગરકાવઃ આઠ ગામોને એલર્ટ કરાયાં: 20 રહીશોનું સ્થળાંતર



રાજપીપળા : રાજ્યમાં વરસાદી સિસ્ટમ ફરી સક્રિય બનતા નર્મદા જિલ્લામાં ગત રાત્રીથી વરસાદ શરૂ થયો હતો અને રાજપીપળા સહિત આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. સાથે રાજપીપળા પાસે કરજણ ડેમના ઉપવાસમાં એક જ રાતમાં અધધ 12 ઇંચ વરસાદ નોંધાયો હતો. જેથી કરજણ ડેમની સપાટી એકા એક 114.70 મીટરે પહોંચતા કરજણ ડેમમાં 1.10 લાખ ક્યુસેક પાણીની આવક થતા ડેમના 7 ગેટ ખોલી 1.30 લાખ ક્યુસેક પાણી છોડાયુ હતું. કરજણ ડેમમાં 455.10 MCM પાણીનો લાઈવ સ્ટોરેજનો જથ્થો છે.

કરજણ ડેમ માંથી 1.30 લાખ ક્યુસેક પાણી છોડાતા મંગળવારે કરજણ નદી ગાંડી તુર બની બંને કાંઠે વહેતી થઈ હતી. જેના કારણે રાજપીપળા સરકારી ઓવારા પાસે આવેલું સિકોતર માતાનું મંદીર પણ અડધું પાણીમાં જોવા મળ્યું હતું. રાજપીપળા શહેરના નદી કાંઠા વિસ્તારમાં પાણી ઘરો સુધી આવ્યા, 20 મકાનોના રહીશોને સ્થળાંતર કરાયા હતા.

મંગળવારે સવારે નર્મદા કલેક્ટર આઈ.કે.પટેલ અને પાલિકાના ચીફ ઓફિસર અમિત પંડ્યા પોતાની ટીમ સાથે સરકારી ઓવારા સહિતના સ્થળોની મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. કરજણ નદી બે કાંઠે વહેતા 8 ગામોને હાઇ એલર્ટ જાહેર કરાયા છે સાથે સાથે સાથે ડેમ પણ એલર્ટ પર મુકાયો છે. કરજણ ડેમમાંથી પાણી છોડાતા કાંઠા વિસ્તારના સિસોદરા, કાંદરોજ, રાજપરા, નાવરા, વરાછા, હજરપુરા, ધાનપોર, ધમણાચા, ભુછાડ, લાછરસ, થરી, કરાઠા સહિતના અનેક ગામોના ખેતરોમાં 6-6 ફૂટ પાણી ફરી કેળના પાકને વ્યાપક નુકશાન પહોંચ્યું છે. જેથી સરકાર નુકશાનીનો સર્વે કરી યોગ્ય વળતર આપે એવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

## તાપી જિલ્લામાં ડોલવણમાં ત્રણ ઈંચ, અન્ય તાલુકાઓમાં એકથી બે ઈંચ વરસાદ

વ્યારાઃ ગુજરાતનાં પૂર્વિય પ્રવેશ ધ્વાર તરીકે ઓળખાતા તાપી જીલ્લામાં સર્વત્ર મેઘ મહેર થતા તમામે તમામ સાત તાલુકાઓમાં વરસાદનો આંક સો ટકાને આંબી ગયો છે. મંગળવારે સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીમાં ૨૪ કલાકમાં સૌથી વધુ ડોલવણ તાલુકામાં ૭૩ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે સૌથી ઓછો છેવાડાનાં કુકરમુંડામાં ૨ મીમી વરસાદ નોંધાયો હતો. સમગ્ર તાપીમાં ઝરમરથી મુશળધાર પડેલ વરસાદમાં વ્યારામાં ૪૧ મીમી, વાલોડમાં ૪૮ મીમી, સોનગઢમાં ૧૬ મીમી, ઉચ્છલમાં ૧૫ મીમી, નિઝરમાં ૮ મીમી નોંધાયો હતો.

સોનગઢ તાલુકાનો મોસમનો કુલ વરસાદ ૧૮૦૯ મીમી નોંધાવા પામ્યો છે. જે તાલુકાની ૧૭૨૩ મીમીની સરેરાશ કરતા વધુ હોઈ, અહીં ૧૦૪.૯૯ ટકા વરસાદ સરકારી દફ્તરે નોંધાયો છે. ડોલવણ તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૧૬૯૩ મીમી, ૧૦૪.૭૬ ટકા (સરેરાશ ૧૬૧૬ મીમી), વાલોડ તાલુકામાં ૧૨૮ મીમી સાથે કુલ ૧૫૫૬ મીમી એટલે કે ૧૦૭.૨૩ ટકા (સરેરાશ ૧૪૫૧ મીમી), વ્યારા તાલુકામાં ૧૦૪ મીમી સાથે ૧૭૨૭ મીમી એટલે કે ૧૦૯.૨૩ ટકા (સરેરાશ ૧૫૮૧ મીમી,

જ્યારે ઉચ્છલ તાલુકામાં ૩૪ મીમી સાથે ૧૨૭૨ મીમી એટલે કે ૧૨૦.૫૬ ટકા (સરેરાશ ૧૦૫૫ મીમી), નિઝર તાલુકામાં ૨૨ મીમી સાથે ૧૨૩૮ મીમી એટલે કે ૧૪૧.૮૦ ટકા (સરેરાશ ૮૭૩ મીમી), તથા કુકરમુંડા તાલુકામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૯ મીમી વરસાદ નોંધાતા અહીં મોસમનો કુલ વરસાદ ૧૧૨૬ મીમી એટલે કે ૧૦૦.૬૨ ટકા નોંધાવા પામ્યો છે. કુકરમુંડા તાલુકાનો સરેરાશ વરસાદ ૧૧૧૯ મીમી છે.



## નેત્રંગ તાલુકામાં વીજળીના કડાકા-ભડાકા સાથે પાંચ કલાકમાં ૩.૨ ઈંચ વરસાદ

**બલદવા ,પીંગોટ** અને ધોલી ડેમના ઉપરવાસમાં સરેરાશ વરસાદ : ૧૦-૧૫ સેમી ડેમ ઓવરફ્લો થઇ રહ્યા છે

નેત્રંગઃ નેત્રંગ તાલુકામાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ ઉદભવી છે. વીજળીના કડાકા-ભડાકા સાથે પાંચ કલાકમાં ૮૦ એમએમ એટલે કે ૩.૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો, જ્યારે મોસમનો કુલ વરસાદ ૫૩.૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં બલદવા ડેમના ઉપરવાસમાં ૧૧૧ એમએમ, પીંગોટ ડેમના ઉપરવાસમાં ૧૮ એમએમ અને ધોલી ડેમના ઉપરવાસમાં ૫૦ એમએમ વરસાદ પડ્યો હતો જેથી ઓવરફ્લોનું લેવલ વટાવી દેતાં બલદવા ડેમ ૧૫ સેમી અને ધોલી ડેમ ૧૦ સેમી ઓવરફ્લો થઈ રહ્યો છે અને પીંગોટ ડેમ ઓવરફ્લોના લેવલથી માત્ર ૩ સેમી દુર હોવાનું જાણવા મળ્યું હતું. નેત્રંગ તાલુકામાં ધોધમાર વરસાદ અને તેજગતિના વાવાઝોડાથી કેટલાક વિસ્તારોમાં અનેક વૃક્ષો ધરાશાયી થવાની ઘટના પ્રકાશમાં આવી હતી અને વીજપુરવઠો પણ ખોરવાઈ ગયો હતો જ્યારે તાલુકાભરના નદી-નાળા, તળાવ, ચેકડેમ અને તમામ જળાશયોમાં વરસાદી પાણીથી છલકાયા હતા.

## કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી સામે માતા-પુત્રીએ પડોશીની બાળકીના ગુપ્ત ભાગે ઈજા કરી

**ચાની દુકાન** ચલાવતા પરિવારને પાડોશી સાથે પાણી ભરવા બાબતે બબાલ થઈ હતી

રાજપીપળા : નર્મદા જિલ્લા ના કેવડિયા કોલોની સ્તિથ આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે પાણી ભરવા બાબતે બે પરીવારો વચ્ચે થયેલા ઝઘડાની રીષ રાખી પડોસી માતા પુત્રીએ માસુમ બાળકીના ગુપ્ત ભાગે નખ મારી ઈજા કરતા હાલમાં બાળકીને રાજપીપળા સિવિલમાં સારવાર લઈ રહી છે .

સ્ટેચ્યુ નજીક સમોસા અને ચાની દુકાન ધરાવતા પરદેશીલાલ સહાનીની પત્ની નંદિનીબેન ગત તારીખ 5 સપ્ટેમ્બરે બપોરે પીવાનું પાણી ભરી રહ્યા હતા એ સમયે તેમની પાડોશી મમતાબેન અને પુષ્પાબેન સાથે પાણી ભરવા બાબતે બોલાચાલી થઈ હતી આ દરમિયાન નંદિનીબેનની સાડા પાંચ વર્ષની બાળકી રિયા પુષ્પાબેનને ત્યાં ગઈ હતી. ત્યાર ઝઘડાની રીષ રાખી પુષ્પાબેને રિયાને પકડી હતી અને પુષ્પાબેનની પુત્રી મમતાએ પોતાના નખ વડે રિયાના ગુપ્ત ભાગમાં ઈજા કરતા તાત્કાલિક સારવાર માટે રાજપીપળા સિવિલમાં લાવવામાં આવી હતી. રિયાની માતાએ હુમલો કરનાર માતા-પુત્રી વિરુદ્ધ કેવડિયા પો.સ્ટે.માં ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### મહુપાડાના બ્રિજનો એપ્રોચ ધોવાયો તો વેરિંગ કોર્ટમાં ગાબડા

## સાગબારા તાલુકામાં સાંબેલાધાર ૬ ઈંચ વરસાદ

**વરસતા વરસાદમાં** ગણેશ વિસર્જન યાત્રા અને તાજિયાનું જુલૂસ નીકળ્યું

સાગબારાઃ સાગબારા તાલુકામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા સતત વરસાદે સાગબારા તાલુકામાં ભારે ખાના ખરાબી સર્જી હતી. મંગળવારે સવારે ૬ કલાકે પુરા થતાં ૨૪ કલાકમાં 159 મી.મી. એટલે કે છ ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો.

મોસમનો વરસાદ 1339 મી.મી. થયો છે. સોમવારે સાગબારા તાલુકામાં ભારે વરસાદના પગલે અનેક રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. ઠેર ઠેર માર્ગોનું ધોવાણ થયું હતું. તો અનેક નદી નાળાઓ છલકાઈ ઉઠયા હતા. તાલુકાના પાંચપીપરી, ભવરીસાવર, તેમજ દેવમોગરા જતા માર્ગો પર પાઈપનાળાઓને મોટાપાયે નુકસાન થયું છે. મહુપાડા ખાતેના બ્રિજનો એપ્રોચ ધોવાણ થયો છે તો તેના વેરિંગ કોટમાં ગાબડા પડયા છે. છેલ્લા બે દિવસથી સાગબારામાં વરસાદી વાતાવરણ જામ્યું છે જેના કારણે ઠંડક પ્રસરી જવા પામી છે.

સાગબારાના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદનાં કારણે ચોપડવાવ તેમજ નાના કાકડી - આંબા ડેમમાં પાણીની આવક વધવા પામી છે. આ વર્ષે તાલુકામાં રસ્તાઓ, નાળાઓ સહિત પુલોને મોટાપાયે નુકસાન થતા સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ છે. તો બીજી તરફ તાલુકામાં અનેક કાચા મકાનોને પણ નુકસાન થયાના અહેવાલ સાંપડી રહ્યા છે.



ગૌરાંગ સોની

■ પાંચપીપરી, ભવરીસાવર અને દેવમોગરાના માર્ગો પર પાઇપનાળાના લો-લેવલ કોઝવે ધોવાયા.

તાલુકાના પાડી, હલગામ પાડી, મોટા કાંકડીઆંબા, નાની નાલ, વગેરે ગામોમાં કાચા મકાનોને અંશત નુકસાન થયાના અહેવાલ મળી રહ્યા છે. અમીયારથી દેવમોગરા જતાં માર્ગે પાઈપનાળાને નુકસાન, દેવમોગરાથી ગઢ જતાં રસ્તા પર પાઈપ નાળાને નુકસાન, ભવરીસાવર જતા માર્ગે પણ પાઈપનાળાનું ધોવાણ થવા પામ્યુ છે. નાની નાલ ગામે પંચવટી ઉદ્યાનને પણ મોટાપાયે નુકસાન થયું છે.

મોટા કાંકડીઆંબા ગામે ધીરસિંગ નિમજી, મહેશ જેરસીંગનાં કાચા મકાનોને અશંત નુકસાન થવા પામ્યુ છે તો બીજી તરફ પાડી ગામે પણ ગંભીર પોહના તેમજ ચિંતાબેન કૃષ્ણા અને સંતોષ નાનસીંગ સહિતના લોકોના કાચા મકાનોને નુકસાન થવા પામ્યુ છે. વરસાદી માહોલમાં મંગળવારે સાગબારા - સેલંબા ખાતે તાજીયાનું જુલુસ કાઢી મુસ્લિમભાઈઓ દ્વારા તાજીયાને ચોપડવાવ ડેમ ખાતે ઠંડા કરાયા હતા. બપોરબાદ ગણેશ વિર્સજન હાથ ધરાયા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ



## સંક્ષિપ્ત સમાચાર

### વાલોડમાં તાલુકા કક્ષાની ખેલમહાકુંભમાં શતરંજ સ્પર્ધા યોજાઇ



વ્યારાઃ તાલુકા કક્ષાની ખેલમહાકુંભની શતરંજ સ્પર્ધાઓનું આયોજન સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ ખાતે કરાવામાં આવ્યું હતું. જેમાં ૧૪૮ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પણ વરસાદને કારણે ખેલાડીઓ મોટી સંખ્યામાં ભાગ લેવા નિષ્ફળ જતાં માત્ર ૩૮ ખેલાડીઓએ જ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને એસી હોલ અને રિવોલવિંગ ચેરની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર હોલમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. જેથી શતરંજનાં ટચ મુવ અને ઇલલીગલ મુવનાં પ્રશ્નો સરળતાથી નિષ્પક્ષ ઉકેલી શકાયો હતો. ખેલાડીઓની સાથે આવેલા સગા સબંધીઓ માટે વાઇફાઇની સુવિધા કરવામાં આવી હતી. શ્રેષ્ટ વ્યવસ્થા ઉભી કરવામાં કોલેજનાં આચાર્ય ડો.બી.એચ.પરમારનો સિંહફાળો રહ્યો હતો. પ્રો.દિવ્યેશ મિસ્ત્રી અને પ્રો.વિરલ દરજીએ સ્પર્ધાનું સફળ આયોજન કર્યું હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે ઇન્ટરનેશનલ રેટેડ ચેસ પ્લેયર સલીમ હાફેજીએ સેવાઓ પુરી પાડી હતી.

### પલસાણામાંથી બે અજગર મળી આવતાં લોકોનાં ટોળાં ઊમટયા



દિપકસિંહ મહિડા

પલસાણાઃ પલસાણા તાલુકાના કણાવથી મલેપોર જતા રસ્તા પર એક વિશાળકાય અજગર એક રાહદારીને જોવા મળતા તેણે તાત્કાલિક પલસાણા ફોરેસ્ટ વિભાગને જાણ કરી હતી. જેને લઇ પી.ડી. દેસાઇ, આર.ડી. ગોહીલ સહિતની તેમની ટીમે ૯ ફુટ લાંબા અને ૧૪ કીલો વજનનો અજગર ઝડપી પાડયો હતો તેમજ પલસાણા ગામની સીમમાં આવેલા એક ખેતરમાં પણ અજગર હોવાની જાણ ફોરેસ્ટ વિભાગને મળતા તેઓએ ખેતરમાંથી ૮ ફુટ લાંબા અને ૧૦ કીલો વજનના અજગરને ઝડપી પાડયો હતો. ત્યારે પલસાણા વિસ્તારના ખેતરો તેમજ રસ્તાઓ પરથી વિશાળકાય અજગર મળી આવતા લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે ફોરેસ્ટ વિભાગે બારડોલી ફ્રેન્ડ ઓફ એનીમલની ટીમની મદદથી મહુવાના જંગલોમાં છોડી દેવાયા હતા.

### ગણેશ વિસર્જન અંતર્ગત વ્યારાના કેટલાક માર્ગો બંધ કરાયા

વ્યારાઃ આગામી તા.૧૨મી સપ્ટેમ્બરે યોજાનારી શ્રી ગણેશજીની મૂર્તિઓની વિસર્જન યાત્રા દરમિયાન ટ્રાફિકના સરળ સંચાલન સાથે જાહેર જનતાને અવરજવર માટે કોઇ અડચણ ન પડે તે માટે, વ્યારા શહેરના કેટલાક માર્ગો સવારના ૧૧ વાગ્યાથી ગણેશ વિસર્જન કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી બંધ કરાયા છે. જેની સામે પ્રશાસને અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે, તેનો વાહન ચાલકો તથા પ્રજાજનોને લાભ લેવા તંત્ર ધ્વારા જણાવાયું છે. વ્યારા શહેરનાં જનક ચાર રસ્તાથી કાનપુરા, રામજી મંદિર, એસ.ઓ.જી. ચોકી તરફ આવતો માર્ગ બંધ કરાતા, આ માર્ગનો ઉપયોગ કરતા વાહન ચાલકો તથા પ્રજાજનો નેશનલ હાઇ વે નંબર-૫૩ થઇ, જુના પેટ્રોલ પંપથી સયાજીરાવ સર્કલ તરફના માર્ગનો ઉપયોગ કરી શકશે. આ ઉપરાંત ઉનાઇ નાકા તરફથી જુના બસ સ્ટેન્ડ તરફ જતા માર્ગને સ્થાને, નેશનલ હાઇ વે નંબર-૫૩ થઇ, પેટ્રોલ પંપથી સયાજીરાવ સર્કલ તથા, સયાજીરાવ સર્કલથી જુના બસ સ્ટોપ તરફ જતો માર્ગ બંધ કરી, તેના સ્થાને સયાજીરાવ સર્કલથી જુના પેટ્રોલ પંપ થઇ નેશનલ હાઇ વે નંબર-૫૩નો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે.

### હરિપુરા - કડોદ મહેક પાર્ક ગણેશ મંડપમાં રક્તદાન શિબિર

સુરતઃ સાર્વજનિક ગણેશ મંડળ, મહેકપાર્ક, હરિપુરા - કડોદ સ્થળે તા. ૮મીના રોજ રક્તદાન શિબિર યોજાયો તેમાં કુલ ૫૩ બોટલ રક્ત સરદાર સ્મારક હોસ્પિટલ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી હતી. રક્તદાન શિબિરની સાથે 'વાત્સલ્ય' ડેન્ટલ હોસ્પિટલ, બારડોલીના ડો. અક્ષયસિંહ પરમાર અને ઐશ્વર્યા પરમાર દ્વારા નિઃશુલ્ક દાંતની તપાસ કરી સેવા આપી હતી.

### કામરેજથી ભાવનગર જવા નીકળેલી બે બહેનો ગુમ

બારડોલીઃ સુરત જિલ્લાના કામરેજ તાલુકાનાં વાવ ગામે આવેલી શ્રીજી સોસાયટીમાં ઘર નંબર-415 રહેતા મીરાબેન નરેશભાઇ પરમારની બે બહેનો અનિતાબેન ધીરુભાઈ ચુડાસમા (23) અને સુનિતાબેન ધીરુભાઈ ચુડાસમા (20) (બંને રહે, મહુવા, જી-ભાવનગર) બહેનને ત્યાં વાવ ખાતે આવી હતી અને ત્યાંથી ગત તા-7 સપ્ટેમ્બરના રોજ 8 વાગ્યાના અરસામાં કામરેજથી બસમાં બેસી ભાવનગર જવા માટે નીકળ્યા હતા. જોકે આ બંને બહેનો ભાવનગર નહીં પહોંચતા પરિવારજનોએ આ બંને બહેનોની ઘણી શોધખોળ કરી હતી પરંતુ તેમની કોઈ ભાળ મળી ન હતી. બનાવ અંગે મીરાબેન પરમારે કામરેજ પોલીસ સ્ટેશનમાં ગુમ જાણવા જોગ ફરિયાદ આપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ઝઘડિયાના નાની જામ્બોઈ ગામના યુવાને ઝેરી દવા પીને આપઘાત કર્યો

ઝઘડિયાઃ ઝઘડિયા તાલુકાના નાની જામ્બોઈ ગામે રહેતા 32 વર્ષના ગીરીશભાઈ બચુભાઈ વસાવા ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. તેણે તા.૬-૯-૧૯ના રોજ પોતાના ઘરમાં કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. તેને પરિવારજનોએ પ્રાથમિક સારવાર માટે રાજપીપળા ખાતે લઇ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે તેને વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન સોમવારે તેનું મોત થયું હતું. ઉમલ્લા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### ડેડિયાપાડાના પણ ગામમાં ઝાડ સાથે અજાણ્યા યુવાને ફાંસો ખાઈ લેતાં અનેક અટકળો

રાજપીપળા : નર્મદા જિલ્લના ડેડીયાપાડા તાલુકાના પણ ગામની સીમમાં 20થી 25 વર્ષની ઉંમરના એક અજાણ્યા યુવાને પોતાના શર્ટ વડે ઝાડ સાથે ફાંસો ખાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસને ઝાડ સાથે લટકતી હાલતમાં યુવાનની લાશ મળી છે. તેણે આત્મહત્યા કરી છે કે હત્યા થઈ છે એ બાબતે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે .

### કામરેજ સુગરમાં બોઇલર અગ્નિ પ્રદીપ્તી વિધિ



સુરતઃ કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડીની શેરડી પિલાણ સીઝન ૨૦૧૯-૨૦ના પ્રારંભ માટે બોઇલર અગ્નિ પ્રદિપ્ત પૂજાવિધિ સોમવાર તારીખઃ ૯/૯/૨૦૧૯ના રોજ સવારે ૯.30 કલાકે સંસ્થાના પ્રમુખ જયેશભાઇ ધનસુખભાઇ પટેલના હસ્તે સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખે પિલાણમાં આવનારા શેરડીનો ચિતાર આપતાં જણાવ્યું કે, સંસ્થાએ પિલાણ સીઝન ૨૦૧૯ - ૨૦ દરમ્યાન અંદાજે ૪.૦૦ થી ૪.૫૦ લાખ મે. ટન શેરડી પિલાણ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

---

**શ્રીજીની પ્રતિમાઓને વિસર્જનમાં અધિક કલેક્ટરના જાહેરનામાનો ભંગ થવાની સંભાવના**

# મહુવામાં તલાટી કમ મંત્રીઓને કુત્રિમ તળાવો બનાવવામાં રસ નથી!

**અધિક કલેકટરના જાહેરનામાને ગંભીરતાથી નહીં લેનાર અધિકારી-કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા લોકોની માંગણી**



મેહુલ પટેલ

અનાવલઃ મહુવા તાલુકામાં શ્રીજી ની પ્રતિમાઓના વિસર્જન માટે વહીવટીતંત્ર દ્વારા તાલુકા પંચાયત અને તેના થકી તલાટી કમ મંત્રીઓને કુત્રિમ તળાવ બનાવવા અંગે લેખિતમાં સૂચના આપવામાં આવી હોવા છતાં મોટેભાગના તલાટી કમ મંત્રીઓ કુત્રિમ તળાવના નિર્માણમાં રસ નહીં દાખવતા કુત્રિમ તળાવનું નિર્માણ હજુ શરૂ કરાયું નથી. જેથી શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કુદરતી તળાવ કે નદીઓમાં જ થાય તેવી શકયતા વર્તાય રહી છે આ આમ થશે તો અધિક કલેકટરના જાહેરનામાનો ભંગ થશે.

મહુવા તાલુકામાં ગત વર્ષની માફક ચાલુ વર્ષે પણ કુદરતી તળાવોને જ કુત્રિમ તળાવો તરીકે ખપાવીને શ્રીજીની પ્રતિમાઓનું કુદરતી તળાવોમાં જ વિસર્જન કરાવવા વહીવટીતંત્ર ફિરાકમાં હતું. પરંતુ આ અંગે ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થતા જ વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું અને વહીવટીતંત્ર દ્વારા તાલુકા પંચાયત કચેરીને ખો આપીને અધિક કલેકટરના જાહેરનામા અંતર્ગત કુત્રિમ તળાવો બનાવવાની લેખિત સૂચના આપવામાં આવી હતી. છતાં મોટે ભાગના તલાટી કમ મંત્રીઓએ કુત્રિમ તળાવો બનાવવામાં રસ જ નહીં દાખવ્યો નથી. જેથી અધિક કલેકટરના જાહેરનામા અંતર્ગત કુત્રિમ તળાવો બનાવવામાં રસ નહી દાખવનાર તલાટી કમ મંત્રી સહિતના અધિકારીઓ-કર્મચારીઓ પર ખાતાકીય કાર્યવાહી કરવામાં આવે એવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.

## મહુવાના કેટલાક તલાટીઓ ફરજમાં સમયપાલનમાં પણ બેદરકાર : ટીડીઓને પણ નથી ગાંઠતા !

**કચેરી સમય દરમિયાન માત્ર ત્રણ ચાર કલાક જ હાજરી આપી પલાયન થઈ જતાં હોવાની લોકોની ફરિયાદ**

અનાવલઃ મહુવા તાલુકાના ગામોમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓ ઓફીસ સમય દરમિયાન પણ પૂરતો સમય નહીં ફાળવતા હોવાની ફરિયાદ તાલુકાની જનતાએ કરી છે. સરકારી અધિકારી તેમજ સરપંચોની પણ અવગણના કરી કેટલાક તલાટી કમ મંત્રીઓ પોતે જ સર્વેસર્વા હોય તેવો રુઆબ સાથે ગ્રામ પંચાયતમાં પણ મનફાવે તેમ ફરજ પર આવે છે અને જતા રહે છે. કેટલાક તલાટી કમ મંત્રીઓ તો મોટેભાગે તા.પ. કચેરીમાં લટાર મારતા અને સ્ટાફ જોડે ગોસિપ કરવા જ આવતા હોય છે ને બીજી તરફ અરજદારો અગત્યના કામ માટે તલાટીઓની જ રાહ જોતા રહે છે. તા.પ. મહુવામાં નવનિયુક્ત ટીડીઓ રાઠવા પણ આ બાબતે ગંભીર નહીં હોવાની પ્રતીતિ આમજનતાને થઈ રહી છે. તે કેટલાક તલાટીઓ ટીડીઓને પણ ગાંઠતા નથી.

**તાં.પ. ના જાહેર માહિતી અધિકારી પણ તલાટી કમ મંત્રીઓને છાપ આરટીઆઇનો જવાબ નહીં આપતા હોવાની શંકા**

મહુવા તાલુકામાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓને ફાળવવામાં આવેલ સેજા તેમના હાલના રહેણાકના સરનામાં સહિતની માહિતી અરજદાર દ્વારા આરટીઆઇ અંતર્ગત તા.પ. કચેરી પર માંગવામાં આવી હોવા છતાં તા.પ.ના જાહેર માહિતી અધિકારી સમય મર્યાદા વીત્યા બાદ પણ આ તલાટીઓને છવારવા હજી સુધી માહિતી પૂરી પાડી રહ્યા નથી, એવું જાણવા મળ્યું છે.

## બારડોલીમાં જલઝીરણી એકાદશી નિમિત્તે ઠાકોરજીનો નૌકાવિહાર



બારડોલીઃ બારડોલીમાં સાંકરી મંદિર દ્વારા જલઝીલણી એકાદશી નિમિત્તે શાસ્ત્રી રોડ પર આવેલા બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં સંતો અને હરિભક્તોના સાન્નિધ્યમાં ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. મંદિરના સભા હોલમાં શાસ્ત્રોક્ત વિધિથી ઠાકોરજીની મહાપૂજા પૂ. ભગવતસેવા સ્વામીએ કરાવી હતી. પછી હરિભક્તોને સંબોધતા જુનાગઢથી પધારેલા પૂ. સૌમ્યમુર્તિ સ્વામીએ પરિવર્તની એકાદશીનો ઇતિહાસ અને મહિમા સમજાવ્યા હતા. સાંકરીના કોઠારી પૂ. પુણ્યદર્શન સ્વામીએ જણાવ્યુ હતું કે જીવનમાં ભગવાન અને સંત મળે પછીથી પરીવર્તન આવે છે. સંસાર રૂપી સાગરમાં તરવા માટે તમારી નૌકાનું સુકાન ભગવાનને સોંપો. બારડોલી નગરપાલિકા તરણકુંડમાં ઠાકોરજીએ સંતોએ બનાવેલી યાંત્રિક હોડીમાં જલવિહાર કરાવ્યો હતો. સંતોએ જલવિહાર અંગેના કિર્તનો ગાઇને ઠાકોરજીને રાજી કર્યા હતા. આ કાર્યક્રમની સફળતા માટે પૂ. મંગળભુષણ સ્વામી અને પૂ. યોગીતીર્થ સ્વામીએ અને પૂ. કૃતાર્થમુનિ સ્વામીએ આયોજન કર્યું હતું.

## નદીમાં વિસર્જન ન થાય તે માટે ઓવારા પર પોલીસની સતત નજર

**ઓવારા પર સરકારી કર્મચારી દેખાશે તો કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકીને લઈ પાલિકાકર્મીઓમાં ફફડાટ**

બારડોલી : નદીમાં વિસર્જન ન થાય તે માટે વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસન રામજી મંદિર ઓવારા પરની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. કોઈ પણ હિસાબે જાહેરનામાનો ભંગ ન થાય તેની ખાસ તકેદારી અધિકારીઓ દ્વારા રાખવામાં આવી રહી છે. બીજી તરફ જો કોઈ સરકાર કર્મચારી નદી કિનારે દેખા દેશે તો તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકીને લઈ પાલિકા કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાય ગયો છે.

સુરત જિલ્લા કલકેટર દ્વારા સુપ્રીમ કોર્ટના આદેશને લઈ ગત જૂન માસમાં ગણેશ તેમજ અન્ય મૂર્તિઓને લઈ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. છતાં કેટલાક ગણેશ ભક્તો દ્વારા નદીમાં વિસર્જન માટેની માંગ કરવામાં આવી રહી છે. જેને કારણે વિવાદ ઊભો થયો છે. જો કે નદીમાં કોઈ પણ ભોગ વિસર્જન નહીં થાય તે માટે પોલીસ અને વહીવટી તંત્ર સજ્જ થઈ ચૂક્યું હોવાનું જાણવા મળે છે. નદીમાં વિસર્જન ન થાય તે માટે નદીના ઓવારા પર થતી ગતિવિધિ પર પોલીસ સતત નજર રાખી રહી છે, આ ઉપરાંત ઓવારા પર જો કોઈ સરકારી કર્મચારી દેખાશે તો તેના વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળતા જ પાલિકા કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે. જેને લઈ આ વખતમાં વિસર્જનમાં ભારે વિવાદ થવાની સંભાવના છે.



## બાબેનમાં જુગાર રમતા સાત નબીરા પકડાયા

**નબીરાને છોડાવવા પોલીસ મથકે અનેક મોટાં માથાઓના ધમપછાડા**

બારડોલીઃ બારડોલી પોલીસે બાબેન ગામે આવેલ પૂજાનગર સોસાયટીમાં ઘર નંબર-21 માં રહેતા રીકેશભાઈ નટુભાઈ પ્રજાપતિને ત્યા છાપો માર્યો હતો. જ્યાં પોલીસે જુગાર રમી રહેલ સાત નબીરાઓને ઝડપી લીધા હતા. મોટા ઘરના નબીરા જુગાર રમતા પકડાયા હોવાની ચર્ચાને લઈ પોલીસ સ્ટેશન ખાતે બચાવવા માટે મોટા માથાઓના ટોળાં ઉમટી પડ્યા હતા. જો કે પોલીસે દાદ આપી ન હતી. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી કુલ 7.31 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**જુગાર રમતા પકડાયેલા નબીરા**

રીકેશભાઈ નટુભાઇ પ્રજાપતિ (રહે, બાબેન ગામ, પૂજાનગર સોસાયટી, તા-બારડોલી), વિજયભાઈ ભૂલાભાઈ પટેલ (રહે, બાબેન ગામ, પુષ્કરપાર્ક સોસાયટી, મૂળ રહે, અકોટીગામ પટેલફળિયું, તા-બારડોલી), કેયૂરભાઈ રમેશભાઈ કંથારીયા (રહે, વણેસા ગામ, સડક ફળિયું, તા-પલસાણા), ઉમેશભાઈ નવનીતભાઈ લાડ (રહે, બારડોલી રામબાગ સોસાયટી, તા-બારડોલી), જીતેન્દ્ર વિશ્વાસ પાટીલ (રહે, બાબેન ગામ, વંદનાનગર સોસાયટી, તા-બારડોલી, મૂળ રહે, લોનખેડી ગામ, ધૂલિયા), ચેતનભાઈ મનસુખભાઈ જાની (રહે, બાબેન ગામ, પુષ્કરપાર્ક સોસાયટી, તા-બારડોલી, મૂળ રહે, લૂસડી ગામ, તા-મહુવા, જી-ભાવનગર), મનીષભાઈ લાલુ ઉર્ફે નાનુભાઈ શાહ (રહે, બારડોલી હીરાચંદનગર શાંતિનિકેતન એપાર્ટમેંટ ઘર નંબર-202, તા-બારડોલી)

## અંકલેશ્વરમાં વરસતા વરસાદમાં 15 તાજિયા જુલૂસ નીકળ્યાં

**અંગકસરતના પ્રયોગો નિહાળવા મોટી સંખ્યામાં લોકોની ભીડ જામી**



અંકલેશ્વર : અંકલેશ્વરમાં વરસાદી માહોલ અને ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કસ્બાતીવાડ, મુલ્લાવાડ, કાગદીવાડ, સેલારવાડ, તાડ ફળિયા સહિતના વિસ્તારોમાં કલાત્મક તાજિયાના નીકળેલા જુલુસે ભારે આકર્ષણ જમાવ્યુ હતું.

તાજીયાના રૂટ ઉપર મુસ્લિમ સમાજ દ્વારા ખાસ કરીને ઠંડા પીણા તેમજ દૂધ કોલ્ડ્રીંક સહિતની ખાણીપીણી વસ્તુઓને નિયાજ સ્વરૂપે લોકોને વિતરણ કરવામાં આવી હતી. અંકલેશ્વરના ગોયા બજાર ખાતે વસીમ ફડવાલા, ઝાહિદ ફડવાલા, હાફિઝ પઠાણ, મોઈન મિર્ઝા, મારૂફ સહિતના યુવકોએ લસ્સી વિતરણ કર્યું હતું. અનેક વિસ્તારોમાં હિન્દુ મુસ્લિમ બિરાદરોએ તાજીયાને આવકાર્યા હતા. શહેરી વિસ્તારમાંથી ૧૫ તાજિયા જુલુસ જયારે કે નેશનલ હાઇવે પર આવેલ અંસાર માર્કેટમાંથી બે અને અનમોલ પાર્કમાંથી ૧ એમ કુલ ૧૮ જુલુસ મંગળવારના રોજ બપોરે નીકળ્યા હતા. જે અંકલેશ્વરના વિવિધ વિસ્તારમાં અને મુખ્ય માર્ગો પર ફર્યા હતા. તાજિયા જુલુસમાં અંગકસરતના હેરતજનક પ્રયોગો નિહાળવા માટે લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. મોડી રાતે નર્મદા નદીમાં તાજિયાને ઠંડા કરાયા હતા. જુલુસમાં ડીવાયએસપી, ત્રણ પીઆઇ, 11 પીએસઆઇ સહિત કુલ 284 પોલીસ જવાનોનો કાફલો બંદોબસ્તમાં જોડાયો હતો.

## ઝંખવાવમાં મહોરમ નિમિત્તે તાજિયાનું જુલૂસ નીકળ્યું



વાંકલઃ માંગરોળ તાલુકાના ઝંખવાવ ગામે મોહરમ નિમિત્તે મુસ્લીમ સમાજ દ્વારા તાઝીયા જુલસ કાઢવામાં આવ્યું હતું. ઝંખવાવ મુસ્લીમ સમાજના આગેવાન ગફૂરભાઇ મુલતાની, કાલુભાઇ મુલતાની, હુસૈન ઇબ્રાઇમ મુલતાની, મુસ્તકભાઇ પીંજારા વગેરેની આગેવાની હેઠળ ઝંખવાવ ગામના વિવિધ ફળિયાઓમાં જુલસ ફેરવવામાં આવ્યું. મુસ્લીમોએ હઝરત હુસેનની શહાદતની યાદમાં માતમ મનાવ્યો હતો. તાઝીયા જુલસ શાંતિપૂર્ણ રીતે નદી કાંઠે પહોંચ્યા બાદ તાજીયાને નદીમાં ઠંડા કરાયા હતા.



## વ્યારામાં મહોરમ નિમિત્તે તાજિયાના જુલૂસ નીકળ્યા, કોમી એકતાનાં દર્શન

વ્યારાઃ વ્યારા નગરમાં મંગળવારે મોહરમ પર્વ નિમિત્તે નિકળેલ તાજીયાનાં જુલુસમાં કોમી એકતાનાં દર્શન થયા હતા. મુસ્લિમ બિરાદરો માટે બર્ફાની સહિતનાં હિંદુ સંગઠન ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ભરૂચ શહેર સહિતનાં ગામોમાં મહોરમ પર્વે ખાસ રોઝા રખાયા

ભરૂચઃ મોહરમ પર્વ નિમિત્તે ભરૂચ તાલુકાના વરેડીઆ, સેગવા, નબીપુર, કહાન, માચ, ઉપરાલી, આશુરિઆ, લુવારા, ટંકારીઆ, હિંગલ્લા, કંબોલી, પાલેજ, મહોરમના 10 દિવસો ગામે ગામ ઈમામહુસેનના જીવન ચરિત્ર પાર પ્રકાશ પડતી તકરીરો ઉપરાંત 10 દિવસ વિર્દ વજાઈફ કરવામાં આવ્યા હતા 10 મોહર્રમના દિવસે સવારે 10 વાગ્યાની આસપાસ મસ્જીદો ભરાઈ ગઈ હતી જેમાં મુસ્લિમ ભાઈઓએ આસુરાની વિશિષ્ટ નમાજ અદા કરી હતી મોહરમના દિવસે ખાસ રોઝા રાખવામાં આવે છે.

## માંડવીમાં તાજિયાનાં જુલૂસમાં રાષ્ટ્રભાવના



પ્રવિણસિંહ

તરસાડાઃ માંડવી ખાતે મુસ્લિમ સમાજ દ્વારા મંગળવારે તાજીયાના જુલૂસ કાઢવામાં આવ્યું હતું જેમાં કોમી એકતાના દર્શન થયા હતા. પાંચ જેટલા કલાત્મક તાજીયા બાવાગોર ટેકરાથી નીકળ્યા હતા જે નગર મુખ્યમાર્ગ પરથી પસાર થયા હતા ત્યારે માર્ગમાં હિન્દુઓ તરફથી ચા-પાણીની તથા મુસ્લિમ બિરાદરો તરફથી શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી. જુલુસમાં તિરંગો લહેરાવી મુસ્લિમ સમાજે રાષ્ટ્ર ભાવનાના દર્શન કરાવ્યા હતા તાજીયાને ઠંડા કરાયા હતા. માંડવી પોસઈ જયેશ વળવી તથા સ્ટાફે બંદોબસ્ત ગોઠવ્યો હતો.

## કોસંબા-તરસાડી કીમ ચાર રસ્તા પંથકમાં કલાત્મક તાજિયાનું જુલૂસ નીકળ્યું



ઈબ્રાહિમ કાનુ

હથોડાઃ મોહરમ નિમિત્તે કોસંબા તરસાડી તેમજ કીમ ચાર રસ્તા વિસ્તારમાં કલાત્મક તાજીયા જુલૂસ કાઢ્યું હતું. તરસાડીના દાદરી ઈન્દીરાનગર શહીત અન્ય વિસ્તારમાંથી લાઈટિંગ વાળા તેમજ અવનવા કલાત્મક તાજીયા કાઢવામાં આવ્યા હતા જેમાં હજારોની સંખ્યામાં મુસ્લિમ જોડાયા હતા. આ પ્રસંગે ઠેર ઠેર ઠંડાપીણા તેમજ શરબતનું વિતરણ કરાયું હતું. તાજીયાનું જુલુસ નીકળતાં ટ્રાફિક જામ થઈ ગયો હતો. કોસંબાના પો.સ.ઈ પરેશ નાઈએ પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

## સરભોણમાં કોમી એખલાસ સાથે તાજિયા જુલૂસ નીકળ્યું

બારડોલી : ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહંમદના દોહિત્ર હઝરત ઈમામ હુસૈન અને તેમના ૭૨ સાથીઓએ કરબલાના મેદાનમાં સત્ય કાજે વહોરેલી શહાદતની યાદમાં મનાવાતા મોહર્રમ પર્વ નિમિત્તે બારડોલી તાલુકાનાં સરભોણ ખાતે તાજિયા જુલૂસ કાઢવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો સહિત હિન્દુ સમાજના અગ્રણીઓ પણ જોડતા કોમી એકતાના દર્શન થયા હતા.